eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 295
November 18, 2011



## સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર સુરત, સીટીલાઈટ રોડ, સુરત ખાતે રીફેક્ટર ટેલિસ્કોપ ધ્વારા શહેરીજનોને ગુરૂ ગ્રહ બતાવવાનું આયોજન કરવામાં આવેલ

તા. ૨૯/૧૦/૨૦૧૧ ના રોજ બનેલી ખગોળીય ઘટનામાં આપણી પૃથ્વીથી ગુરૂ ગ્રહ અને સૂર્ય એકબીજાની એકદમ વિરૂધ્ધ દિશામાં (OPPOSITE) આવ્યા હતા, જેથી સૂર્યાસ્ત થતાની સાથે જ ગુરૂ ગ્રહને સમગ્ર રાત્રી દરમ્યાન આકાશમાં નિહાળી શકાય છે ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## સુરત મહાનગરપાલિકા ધ્વારા આયોજિત રાષ્ટ્રીય પુસ્તક મેળામાં વિવિધ સ્પર્ધાઓનું થયેલ આયોજન

સુરત મહાનગરપાલિકા ધ્વારા "રાષ્ટ્રીય પુસ્તક મેળો" અને "રાષ્ટ્રીય બાગાયત–હર્બલ મેળો" તથા "આઈ.ટી.–૨૦૧૧"નું આયોજન તા. ૨૨/૧૧/૨૦૧૧ થી તા. ૨૭/૧૧/૨૦૧૧ દરમ્યાન વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ, અઠવાગેટ, સુરત ખાતે કરવામાં આવેલ છે ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## માહે ઓકટોબર ૨૦૧૧–૧૨ દરમ્યાન સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ

સ્મીમેર હોસ્પીટલમાં ઓકટોબર માસ દરમ્યાન ૪૫૭૪ ઈન્ડોર તથા ૩૧૯૦૯ આઉટડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૧૧૯૨ તથા ૫૧૮ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## સુરત મહાનગરપાલિકા શાળા આરોગ્ય સપ્તાહ ઉજવણી અને તપાસણી કાર્યક્રમ અંતર્ગત ૯,૧૭,૨૪૩ થી વધુ બાળકોની આરોગ્ય તપાસ કરશે

રાજય સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા "શાળા આરોગ્ય સપ્તાહ તથા તપાસણી કાર્યક્રમ" અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા તા. ૧૫/૧૧/૨૦૧૧ થી તા. ૨૪/૦૧/૨૦૧૨ દરમ્યાન બાલવાડી/આંગણવાડી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓ તથા માન્ય ખાનગી પ્રાથમિક/માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા બાળકો તથા શાળાએ ન જતાં ૧૪ વર્ષ સુધીના બાળકોની તબીબી તપાસનો કાર્યક્રમ હાથ ધરવામાં આવનાર છે ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## નવમો રાષ્ટ્રીય હોર્ટીકલ્ચર–હર્બલ ફેર તથા ફલાવર શો (ફુલોનું પ્રદર્શન તથા સ્પર્ધા)

સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૨૩/૧૧/૧૧ થી તા. ૨૭/૧૧/૧૧ના રોજ નવમો રાષ્ટ્રીય હોર્ટીકલ્ચર–હર્બલ ફેર તથા ફલાવર શોનું આયોજન વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ ખાતે કરવામાં આવેલ છે ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ આશરે ૯,૧૭,૨૪૩ જેટલા બાળકોની તપાસણીનો ઉદઘાટન સમારોહ



રાજય સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા "શાળા આરોગ્ય સપ્તાહ તથા તપાસણી કાર્યક્રમ" અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા તા. ૧૫/૧૧/૨૦૧૧ થી તા. ૨૪/૦૧/૨૦૧૨ દરમ્યાન બાલવાડી/આંગણવાડી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓ તથા માન્ય ખાનગી પ્રાથમિક/માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા બાળકો તથા શાળાએ ન જતાં ૧૪ વર્ષ સુધીના બાળકોની તબીબી તપાસનો કાર્યક્રમ હાથ ધરવામાં આવેલ છે ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## સુરત મહાગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર સુરત, સીટીલાઈટ રોડ, સુરત ખાતે રીફ્રેકટર ટેલિસ્કોપ ધ્વારા શહેરીજનોને ગુરૂ ગ્રહ બતાવવાનું આયોજન કરવામાં આવેલ



તા. ૨૯/૧૦/૨૦૧૧ ના રોજ બનેલી ખગોળીય ઘટનામાં આપણી પૃથ્વીથી ગુરૂ ગ્રહ અને સૂર્ય એકબીજાની એકદમ વિરૂધ્ધ દિશામાં (OPPOSITE) આવ્યા હતા, જેથી સૂર્યાસ્ત થતાની સાથે જ ગુરૂ ગ્રહને સમગ્ર રાત્રી દરમ્યાન આકાશમાં નિહાળી શકાય છે. વળી આ સમય દરમ્યાન તે પૃથ્વીથી સરેરાશ અંતર કરતાં સૌથી વધુ નજીક હોવાથી વધુ તેજસ્વી જોઈ શકાય છે. આથી સમગ્ર નવેમ્બર માસ દરમ્યાન ગુરૂ ગ્રહને સરસ રીતે નિહાળી શકાતો હોવાથી તા. ૦૮ અને ૦૯/૧૧/૨૦૧૧ દરમ્યાન સુરત મહાગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર સુરત, સીટીલાઈટ રોડ, સુરત ખાતે રીફ્રેકટર ટેલિસ્કોપ ધ્વારા શહેરીજનોને સાંજે ૭.૦૦ થી રાત્રે ૯.૦૦ કલાક સુધી ગુરૂ ગ્રહ બતાવવાની વ્યવસ્થા કરવામાં આવેલ.

આ અલૌકિક ઘટનાને નિહાળવા બહોળી સંખ્યામાં શહેરીજનો ઉપસ્થિત રહયા હતાં. ઉત્સાહભેર ગુરૂ ગ્રહ નિહાળ્યો હતો.

TOP

## સુરત મહાનગરપાલિકા ધ્વારા આયોજિત રાષ્ટ્રીય પુસ્તક મેળામાં વિવિધ સ્પર્ધાઓનું થયેલ આયોજન

સુરત મહાનગરપાલિકા ધ્વારા ''રાષ્ટ્રીય પુસ્તક મેળો'' અને ''રાષ્ટ્રીય બાગાયત–હર્બલ મેળો'' તથા ''આઈ.ટી.–૨૦૧૧''નું આયોજન તા. ૨૨/૧૧/૨૦૧૧ થી તા. ૨૭/૧૧/૨૦૧૧ દરમ્યાન વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ, અઠવાગેટ, સુરત ખાતે કરવામાં આવેલ છે. જે અતંર્ગત પુસ્તક મેળામાં આવેલ સેમીનાર હોલ ખાતે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવેલ છે. જે નીચે દર્શાવ્યા મુજબની રહેશે.

| તારીખ/વાર | સ્પર્ધા | સમય | વિભાગ |
|---|---|---|---|
| ૨૩/૧૧/૨૦૧૧ બુધવાર | નિબંધ સ્પર્ધા | બપોરે ૧૨.૦૦ કલાકે | માધ્યમિક વિભાગ |
| | KBC type જનરલ નોલેજ ક્વીઝ | સાંજે ૭.૩૦ કલાકે | માધ્યમિક વિભાગ |
| ૨૪/૧૧/૨૦૧૧ ગુરૂવાર | કાર્ડ મેકિંગ કોમ્પીટિશન | બપોરે ૧૨.૦૦ કલાકે | માધ્યમિક વિભાગ |
| | કરાઓકે આધારિત સીગીંગ કોમ્પીટિશન | સાંજે ૭.૩૦ કલાકે | પ્રાથમિક/માધ્યમિક/ ખુલ્લો વિભાગ |
| ૨૫/૧૧/૨૦૧૧ શુક્રવાર | ચિત્રકામ સ્પર્ધા | બપોરે ૧૨.૦૦ કલાકે | માધ્યમિક/ ખુલ્લો વિભાગ |
| ૨૬/૧૧/૨૦૧૧ શનિવાર | વેશભૂષા સ્પર્ધા | બપોરે ૧૨.૦૦ કલાકે | પ્રાથમિક વિભાગ |
| ૨૭/૧૧/૨૦૧૧ રવિવાર | રંગપુરણી સ્પર્ધા | બપોરે ૧૨.૦૦ કલાકે | પ્રાથમિક વિભાગ |

આ તમામ સ્પર્ધાઓના ફોર્મ સાંસ્કૃતિક વિભાગ, ચં. ચી. મહેતા નાટ્યગૃહ(રંગઉપવન), ચોકબજાર, સુરત ખાતેથી ઓફિસ સમય દરમ્યાન મળશે. તથા સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ www.suratmunicipal.gov.in પરથી પણ મળી શકશે. ઉપરોકત તમામ સ્પર્ધાઓના ફોર્મ ભરીને સ્વીકારવાની છેલ્લી તા. ૧૯/૧૧/૨૦૧૧ રાખવામાં આવી છે.

TOP

## માહે ઓકટોબર ૨૦૧૧–૧૨ દરમ્યાન સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ

સ્મીમેર હોસ્પીટલમાં ઓકટોબર માસ દરમ્યાન ૪૫૭૪ ઈન્ડોર તથા ૩૧૯૦૯ આઉટડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૧૧૯૨ તથા ૫૧૮ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા. ૭૪૪૪ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી.બી.ના નવા ૫૭૮ અને જુના ૧૧૨૦ દર્દીઓ સહીત કુલ ૧૬૯૮ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ ૧૧૨૨ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ ૧૦૮૨ તથા આંખ વિભાગમાં ૧૫૦૨ આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી તથા બ્લડબેંક વિભાગમાં કુલ ૧૩૫૨૮ દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકો આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

TOP

## સુરત મહાનગરપાલિકા શાળા આરોગ્ય સપ્તાહ ઉજવણી અને તપાસણી કાર્યક્રમ અંતર્ગત ૯,૧૭,૨૪૩ થી વધુ બાળકોની આરોગ્ય તપાસ કરશે

રાજય સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા ''શાળા આરોગ્ય સપ્તાહ તથા તપાસણી કાર્યક્રમ'' અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા તા. ૧૫/૧૧/૨૦૧૧ થી તા. ૨૪/૦૧/૨૦૧૨ દરમ્યાન બાલવાડી/આંગણવાડી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓ તથા માન્ય ખાનગી પ્રાથમિક/માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા બાળકો તથા શાળાએ ન જતાં ૧૪ વર્ષ સુધીના બાળકોની તબીબી તપાસનો કાર્યક્રમ હાથ ધરવામાં આવનાર છે.

નાના બાળકોમાં થતી સામાન્ય બિમારીઓ જેવી કે એનીમીયા,આંત્રકૃમિ,રતાંધળાપણું, દ્રષ્ટિની ખામી, નાક, કાન, ગળાના રોગો, ચામડીના રોગો જેવી બિમારીઓનું પ્રાથમિક શાળા કક્ષાએ નિદાન કરી જરૂરી સારવાર આપી તેમને આ બિમારીઓમાંથી મુકત કરવા તથા બાળકોમાં આ બિમારીઓથી બચવા માટે જાગૃતી કેળવવી તથા નાગરીકોને પોતાના બાળકોના સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત કરવા એ આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ છે.

શાળા આરોગ્ય સપ્તાહ ઉજવણી હેઠળ શાળાઓમાં સફાઈ, ડ્રેનેજ સફાઈ, વૃક્ષારોપણ, દાદા દાદી મીંટીંગ, વાલી મીટીંગ, આરોગ્યલક્ષી પ્રદર્શન, બાળકોને આરોગ્યલક્ષી શિક્ષણ આપવુ વિગેરે પ્રવૃતિઓ કરવામાં આવશે.

ચાલુ વર્ષે સુરત મહાનગરપાલિકા દ્વારા આ કાર્યક્રમ હેઠળ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ તથા માન્ય ખાનગી પ્રાથમિક/માધ્યમિક શાળાઓ મળી કુલ–૧૫૪૨ શાળાઓ તથા ૧૦૦૪ આંગણવાડી/બાલવાડીના કુલ ૯,૧૭,૨૪૩ બાળકોની તબીબી તપાસ કરવામાં આવશે. આ માટે ૫૭ મેડીકલ ટીમોની વ્યવસ્થા કરવામાં આવી છે. દરેક ટીમમાં મેડીકલ ઓફીસર/ સ્મીમેર હોસ્પીટલના ઈન્ટર્નીઝ ડોકટર,પેરા મેડીકલ વર્કર અને જે તે શાળાના બે શિક્ષક / શિક્ષિકા મદદમાં રહેશે.

તબીબી તપાસની કામગીરી દરમ્યાન મળી આવેલ સામાન્ય બિમારીઓ જેવી કે આંત્રકૃમી,ચામડીના રોગો, વીટામીન ંએ ંની ઉણપ,આયોડીન ઉણપ જેવા રોગોની સારવાર શાળામાંજ આપવામાં આવશે. જયારે સ્થળ પર સારવાર આપી ન શકાય તેવી બીમારીવાળા બાળકોને (૧) મસ્કતી ધર્માર્થ હોસ્પીટલ (૨) સ્મીમેર હોસ્પીટલ (૩) નવી સીવીલ હોસ્પીટલ તથા આંખની તપાસ માટે જુની સીવીલ હોસ્પીટલ ખાતે તજજ્ઞ તબીબોની સેવાઓ વિના મુલ્યે મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.

આ ઉપરાંત હૃદય, કીડની તથા કેન્સર જેવી બિમારીવાળા બાળકોને જરૂર પડે સીવીલ હોસ્પીટલ, અમદાવાદ ખાતે મોકલવામાં આવશે.

આ સમગ્ર કાર્યક્રમનું આયોજન મ્યુ. કમિશનરશ્રીના આદેશાનુસાર, ઈ. ચા. ડે. કમિશનર (હેલ્થ અને હોસ્પીટલ) ડો. એચ. એસ. દેસાઈ ના માર્ગદર્શન હેઠળ નાયબ આરોગ્ય અધિકારી ડો. કે. આઈ. ખત્રી દ્વારા કરવામાં આવ્યું છે.

TOP

## નવમો રાષ્ટ્રીય હોર્ટીકલ્ચર–હર્બલ ફેર તથા ફલાવર શો (ફુલોનું પ્રદર્શન તથા સ્પર્ધા)

સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૨૩/૧૧/૧૧ થી તા. ૨૭/૧૧/૧૧ના રોજ નવમો રાષ્ટ્રીય હોર્ટીકલ્ચર–હર્બલ ફેર તથા ફલાવર શોનું આયોજન વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ ખાતે કરવામાં આવેલ છે. સદર મેળાના સમયગાળા દરમ્યાન વિવિધ સ્પર્ધાઓ જેવી કે કટ ફલાવરની ગોઠવણી, તાજા ફુલોની ગોઠવણી (Flower Arrangment), ઈન્ડોર/આઉટડોર ફુલછોડના કુંડા, એરોમેટીક પોટ પ્લાન્ટસ, આર્ટીફીસીયલ ફલાવર એરેજમેન્ટ, ફુલોના ગજરા, ફુલોની વેણી, ફુલોના હાર, ફુલોના તોરણ, સલાડ ડેકોરેશન વિગેરે સ્પર્ધાઓ રાખવામાં આવેલ છે.

સ્પર્ધામાં કોઈપણ વ્યકિતગત/સામાન્ય, પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક,સ્નાતક અને અનુસ્નાતક વિદ્યાર્થી, સંસ્થા વિ. ભાગ લઈ શકશે. પ્રવેશફોર્મ વિના મુલ્યે ગાર્ડનખાતાની ગાંધીબાગ કચેરી ખાતેથી રજાના દિવસો સિવાય તા. ૧૪/૧૧/૧૧થી દરરોજ ઓફિસ સમય દરમ્યાન (સવારે ૧૦.૦૦ થી સાંજે ૫.૦૦ કલાકે) મળી શકશે. ભરેલ પ્રવેશફોર્મ તા. ૧૯/૧૧/૨૦૧૧ સુધી સ્વીકારવામાં આવશે. વધુ માહિતી માટે ગાર્ડન ખાતાની ગાંધીબાગ કચેરીમાં રૂબરૂ અથવા ફોન–૦૨૬૧ ૨૪૭૩૬૩૩ થી સંપર્ક કરવા વિનંતી.

TOP

## શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ આશરે ૯,૧૭,૨૪૩ જેટલા બાળકોની તપાસણીનો ઉદઘાટન સમારોહ



રાજય સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા ''શાળા આરોગ્ય સપ્તાહ તથા તપાસણી કાર્યક્રમ'' અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા **તા. ૧૫/૧૧/૨૦૧૧ થી તા. ૨૪/૦૧/૨૦૧૨** દરમ્યાન બાલવાડી/આંગણવાડી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓ તથા માન્ય ખાનગી પ્રાથમિક/માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા બાળકો તથા શાળાએ ન જતાં ૧૪ વર્ષ સુધીના બાળકોની તબીબી તપાસનો કાર્યક્રમ હાથ ધરવામાં આવેલ છે.

આ કાર્યક્રમનો ઉદઘાટન સમારોહ આજ રોજ સુરત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની 'ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણન' પ્રાથમિક કન્યા શાળા, (ન. પ્રા. શાળા નં.૮૪) કૃષ્ણકુંજ સોસાયટી,અડાજણ,સુરત ખાતે સવારે ૦૯–૩૦ કલાકે ડે.મેયર શ્રીમતી છાયાબેન ભુવાના અધ્યક્ષપદે રાખવામાં આવ્યો હતો. જેમાં ન. પ્રા. શિ. સમિતિના અધ્યક્ષશ્રી અતુલભાઈ પટેલ, આરોગ્ય સમિતિના અધ્યક્ષ શ્રીમતી વર્ષાબેન રાણા, કાયદા સમિતિના અધ્યક્ષ શ્રી અનિલભાઈ બીસ્કીટવાલા, ન. પ્રા. શિ. સમિતિના ઉપાધ્યક્ષ શ્રીમતી અંજનાબેન, ઈ. ચા. આરોગ્ય અધિકારી અને ડે. કમિશ્નર (હેલ્થ અને હોસ્પિટલ) ડો. કલ્પેશ ખત્રી, રાંદેરઝોનના નાયબ આરોગ્ય અધિકારી ડો. એચ. સી. ભટ્ટ, સ્થાનિક મ્યુ.સદસ્યશ્રીઓ, ન. પ્રા. શિ. સમિતિના સભ્યશ્રીઓ તથા અડાજણ હેલ્થ સેન્ટર તથા વેકસીન બ્રાંચના મેડીકલ ઓફીસર તથા અન્ય અધિકારી/કર્મચારીઓ તથા સી. આર. સી. કો–ઓર્ડીનેટર હાજર રહયા હતા.

કાર્યક્રમની શરૂઆત ન.પ્રા.શિક્ષણ સમિતિની પ્રા.શાળા નં.૮૪ની વિદ્યાર્થીનીઓએ પ્રાર્થના ગીત તથા સ્વાગત નૃત્ય દ્વારા કર્યુ હતું. તથા આરોગ્યની સમજ આપતું નાટક રજુ કર્યુ હતું. હાજર રહેલ પદાધિકારી/ અધિકારીશ્રીઓનું પુષ્પ ગુચ્છ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.

ઈ. ચા. આરોગ્ય અધિકારી અને ડે. કમિશ્નર (હેલ્થ અને હોસ્પિટલ) ડો. કે. આઈ. ખત્રીએ સ્વાગત પ્રવચન તથા કાર્યક્રમ સંબંધી માહિતી આપતા જણાવ્યુ હતું કે રાજય સરકારના આદેશથી સુ.મ.ન.પા. દ્વારા છેલ્લા ૧૫ વર્ષથી આ કાર્યક્રમ સફળતાપુર્વક પાર પાડવામાં આવે છે. ચાલુ વર્ષે આ કાર્યક્રમ અંતર્ગત શહેરની ૧૫૪૨ શાળાઓ તથા ૧૦૦૪ આંગણવાડીના મળીને કુલ ૯,૧૭,૨૪૩ જેટલા બાળકોની તબીબી તપાસ ૫૭ મેડીકલ ટીમ દ્વારા કરવામાં આવશે. જેમાં 'નાના બાળકોમાં થતી સામાન્ય બિમારીઓ જેવી કે એનીમીયા,આંત્રકૃમિ,રતાંધળાપણું, દ્રષ્ટિની ખામી, નાક કાન, ગળાના રોગો, ચામડીના રોગો જેવી બિમારીઓનું પ્રાથમિક શાળા કક્ષાએ નિદાન કરી જરૂરી સારવાર આપી તેમને આ બિમારીઓમાંથી મુકત કરવા તથા બાળકોમાં આ બિમારીઓથી બચવા માટે પ્રદર્શન દ્વારા જન જાગૃતી કેળવવી તથા નાગરીકોને પોતાના બાળકોના સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત કરવા એ આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ છે. ગંભીર બીમારીવાળા બાળકોને વિના મુલ્યે સંદર્ભ સેવા માટે અમદાવાદ અને જરૂર પડયે રાજય બહાર ચેન્નાઈ તથા બેંગ્લોર ખાતે સારવાર આપવામાં આવશે.

**Continue …**

આરોગ્ય સમિતિના અધ્યક્ષા શ્રીમતી વર્ષાબેન રાણાએ પોતાના ઉદબોધનમાં જણાવ્યું હતુ કે સમાજમાં બાળકના માતાપિતા પછી શિક્ષકનું સ્થાન છે. તેઓએ તમામ શિક્ષકોને અને આરોગ્ય કર્મીઓને તમામ બાળકોને પોતાના બાળક સમજી આ કામગીરી કરવા અનુરોધ કર્યો હતો. બાળકોની સામાન્ય બીમારી વિશે આરોગ્ય કર્મીઓ તથા વાલીઓને માહિતગાર કરી બાળકનું ભવિષ્ય ઉજવળ બનાવવા અપીલ કરી ભવિષ્યમાં તેઓ આગળ પ્રગતિ કરે તેવું આયોજન કરવાનું સુચન કર્યુ હતું.

ન. પ્રા. શિ. સમિતિના અધ્યક્ષ શ્રી. અતુલભાઈ પટેલે પ્રાસંગિક પ્રવચનમાં રાજય સરકાર/ સુરત મહાનગર પાલિકા બાળકોના આરોગ્ય માટે જાગૃત છે તે બદલ મહાનગરપાલિકાની કામગીરીને બિરદાવી હતી. તેઓએ જણાવ્યું હતુ કે, આ કાર્યક્રમ હેઠળ શાળાના તમામ બાળકોની આરોગ્ય તપાસણી દ્વારા ગુજરાતની ભાવિ પેઢી આરોગ્યપ્રદ અને તંદુરસ્ત બનશે. ન. પ્રા. શિ. સમિતીની શાળાઓમાં સામાન્ય રીતે ગરીબ તથા મધ્યમ વર્ગના બાળકો અભ્યાસ કરતા હોય શિક્ષકો તથા આરોગ્ય કર્મીઓ અંગત રસ લઈ આ કામગીરીમાં સહભાગી બને તેવી અપેક્ષા વ્યકત કરી હતી.

ડે. મેયર શ્રીમતી છાયાબેન ભુવાએ અધ્યક્ષ સ્થાનેથી આરોગ્ય વિભાગના કર્મચારીઓને અભિનંદન આપતા જણાવ્યુ હતુ કે ગરીબ તથા મધ્યમ વર્ગના બાળકોને આરોગ્ય તપાસણીની સાથે તંદુરસ્તી અને સ્વચ્છતા કેળવવા વિશે યોગ્ય સમજણ આપી તથા જન જાગૃતિના પ્રદર્શન થકી નાની મોટી બીમારીઓથી બચાવી શકાય છે. તેઓએ બાળકોને શાળાની બહારના ખુલ્લો ઉઘાડો/વાસી ખોરાક ન ખાવા શિખામણ આપી શિક્ષકો તથા આરોગ્યના કર્મચારીઓ પાસેથી આરોગ્ય વિષયક વધુ માહિતી મેળવવા હાકલ કરી હતી. સ્વસ્થ મન અને તનથી મેળવેલ શિક્ષા દ્વારા બાળકો ભવિષ્યમાં પ્રગતિ સાધી આગળ વધે તેવી શુભેચ્છા પાઠવી હતી.

અંતમાં ન. પ્રા. શાળા નં. ૮૪ ના આચાર્યા શ્રીમતી રંજનબેન પટેલે આભારવિધિ કરી હતી.

સમગ્ર કાર્યક્રમનું આયોજન મ્યુ. કમિશનરશ્રીના આદેશાનુસાર, આરોગ્ય અધિકારી અને ઈ. ચા. ડે. કમિશનર (હેલ્થ અને હોસ્પીટલ) ડો. હેમંત દેસાઈ ના માર્ગદર્શન હેઠળ નાયબ આરોગ્ય અધિકારી ડો. કલ્પેશ ખત્રી દ્વારા કરવામાં આવ્યું હતું.

TOP